જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૧/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૪૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૮૬,૩૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# તડીપાર ઇસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી

# એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, તથા નાયબ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ એસ.ઓ.જી. ના હેડને લગતી તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા તેમજ એસ.ઓ.જી. ના હેડને લગતી કામગીરી કામગીરી કરવા સારૂ સૂચના કરેલ હોય.

જે અન્વયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચના સુપરવિઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી ડી.વી.હડાત નાઓના માર્ગદર્શન હેઠળ અ.પો.કો. જયરાજસિંહ વિક્રમસિંહ, બ.નં.૫૬૦૪ તથા અ.હે.કો. રાજેન્દ્રસિંહ ફતેહસિંહ બ.નં.૩૮૧૪ તથા હરપાલસિંહ પવનસંગ બ.નં.૫૮૪૭ નાઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન અ.હે.કો. રાજેન્દ્રસિંહ ફતેહસિંહ તથા હરપાલસિંહ પવનસંગ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે તડીપાર ઇસમ નામે રફીયુદીન ઉર્ફે રફીક ઉર્ફે દેશી શાહબુદીન ઉ.વ. ૩૬ શેખ રહે- સીમા રૉ હાઉસની બાજુમાં, ઠાકોર વાસ, સોઢણ તલાવડી, દાણીલીમડા, અમદાવાદ શહેર નાને તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ ઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરી ખાત્રી તપાસ કરતા સદરી ઇસમને મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'એ' ડિવિઝન, અમદાવાદ શહેરની કચેરીના હુકમ ક્રમાક: એ/ડીવી/હદપ/૬૭૩/૨૦૨૨ તા.૨૯/૦૩/૨૦૨૨ બજવણી તા.૦૪/૦૫/૨૦૨૨ આધારે અમદાવાદ શહેર માંથી બે વર્ષ માટે તડીપાર કરેલ જેથી સદરી ઇસમ પાસે અમદાવાદ શહેરમાં પ્રવેશવાનું કોઇ આધાર કે લખાણ માંગતા પોતાની પાસે નહિ હોવાનુ જણાવતા સદરી આરોપી વિરૂધ્ધમાં જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે વટવા પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ હાથ ધરેલ છે. તા.૧૪/૧૧/૨૦૨૨

**કામગીરી કરનાર કર્મચારીઓ:**

(૧) અ.હે.કો. હરપાલસિંહ પવનસંગ બ.ન.૫૮૪૭

(૨) અ.હે.કો. રાજેન્દ્રસિંહ ફતેસિંહ બ.ન.૩૮૧૪

(૩) અ.પો.કો. જયરાજસિંહ વિક્રમસિંહ બ.ન.૫૬૦૪



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩૮ કેસ કરી, ૨૩૬ વ્યક્તિઓને ઝડપી, ૫૬૭ લીટર દેશી દારૂ, ૧૧૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૪૭૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૩૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૮/૨૦૨૨**

**ઓઢવઃ**(૧) બહાદુરસિંગ ભાનસિંગ ચૌહાણ (ઉ.વ.૭૧)(રહે.નીશીથપાર્ક આદીનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૩૦ થી તા.૧૩/૧૧/૨૦૨૨ ના કલાક ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૩૪,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ઓઢવઃ**(૨) હિરાલાલ શંકરલાલ બારોટ (ઉ.વ.૬૪)(રહે.મણીલક્ષ્મી સોસાયટી આદીનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૧૩/૧૧/૨૦૨૨ ના કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- અને સોનાના દાગીના કિંમત રૂપિયા ૪,૩૫,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૯/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** હિરેનભાઇ અરવિદભાઈ ઠક્કર (ઉ.વ.૩૩)(રહે.ક્રિષ્ના હાઈટ જગતપુર ગોતા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૨ બપોરના ૩/૦૦ થી સાંજના ૭/૪૫ વાગ્યા દરમ્યાન ગુરુદ્વારાની બાજુમાં પટેલ એવન્યુમાં આવેલ શોપ નંબર-૦૨ સામે એસ.જી.હાઈવે રોડ ઉપર પાર્ક કરેલ હિરેનભાઇની એમ.જી.કંપનીની હેક્ટર કારની ડાબી બાજુનો પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ શીટ ઉપર મુકેલ બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં સેમસંગ કંપનીનું ગેલેક્ષી ટેબ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ની મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જોઇતાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૦/૨૦૨૨**

**નારોલઃ** હસ્મિતાબહેન વા/ઓ અતિતભાઇ શેઠ (ઉ.વ.૨૬)(રહે.ગણેશભુમિ સોસાયટી વિભાગ-૦૨ કાંન્તાબેનની વાડી પાસે વટ્વા કેનાલ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશ્નર “કે” ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી